*This Question Paper contains 8 printed pages.*

Seat No.:

Sl. No. :

# 136(G)

**(February, 2025)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગો છે.
2) આ પ્રશ્નપત્રમાં કુલ 64 પ્રશ્નો છે.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.
5) નવો વિભાગ નવા પાના ઉપર લખો.

## વિભાગ - A

■ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 20 સુધીના પ્રશ્નોમાં આપેલા બહુવિકલ્પોમાંથી પ્રત્યેક પ્રશ્નમાં સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. દરેકનો 1 ગુણ છે. [20]

1) મૂળભૂત તાર્કિક કારકો કેટલા છે ?
(A) પાંચ (B) ત્રણ
(C) ચાર (D) બે

2) (P & Q) V~P ના સત્યતા કોષ્ટકમાં કેટલા આધસ્તંભ આવે છે ?
(A) ત્રણ (B) પાંચ
(C) બે (D) ચાર

3) જે દલીલ અપ્રમાણભૂત ન હોય તે દલીલ કેવા પ્રકારની હોય છે ?
(A) પ્રમાણભૂત (B) સત્ય
(C) અસત્ય (D) શંકાસ્પદ

4) દલીલમાં ફલિત વિધાનની સંખ્યા કેટલી હોય છે ?
(A) બે (B) એક
(C) ચાર (D) ત્રણ



https://www.gujaratboardonline.com

5) ઉત્તરાંગના નિષેધ પરથી પૂર્વાંગના નિષેધને લગતા નિયમને સંક્ષેપમાં શું કહે છે ?

(A) HS (B) MT

(C) DS (D) MP

6) p ∨ q અને ~ q તેથી p આ રૂપ કયા નિયમનું છે ?

(A) Add (B) CD

(C) MT (D) DS

7) સંવિધાનના ફલિત વિધાનના ઉદ્દેશ્યપદને શું કહેવાય છે ?

(A) મધ્યપદ (B) સાધ્યપદ

(C) વિધેયપદ (D) પક્ષપદ

8) કઈ આકૃતિમાં મધ્યપદ બંને આધાર વિધાનોમાં ઉદ્દેશ્યને સ્થાને હોય છે ?

(A) પહેલી (B) બીજી

(C) ત્રીજી (D) ચોથી

9) સરખા સંયોગો હાજર હોય તો સરખું જ પરિણામ આવે છે. આ વાક્ય શું સૂચવે છે ?

(A) પ્રકૃતિની એકરૂપતા

(B) કાર્યકારણનો નિયમ

(C) સહપરિવર્તન

(D) વ્યતિરેક પદ્ધતિ

10) કઈ વ્યાપ્તિ કાર્યકારણ સંબંધ સ્થાપે છે ?

(A) વૈજ્ઞાનિક વ્યાપ્તિ

(B) અવૈજ્ઞાનિક વ્યાપ્તિ

(C) સાદી ગણનામૂલક વ્યાપ્તિ

(D) નિગમન

11) ભારતીય તર્કશાસ્ત્રમાં નૈયાયિકોએ કેટલાં પ્રમાણોનો સ્વીકાર કર્યો છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ



https://www.gujaratboardonline.com

12) 'એક બાબતની હાજરીની સાથે બીજી બાબતની હાજરી હોવી' એટલે શું ?

(A) વ્યભિચાર ગ્રહ

(B) અન્વય

(C) વ્યતિરેક

(D) સામાન્ય લક્ષણ પ્રત્યક્ષાનુભૂતિ

13) હકીકતલક્ષી વિધાનોની વિશેષતા કઇ છે ?

(A) વિધાયકતા

(B) વર્ણનાત્મકતા

(C) ભાવાત્મકતા

(D) અનુભવાત્મકતા

14) કયા ધનને શ્રેષ્ઠ ધન કહ્યું છે ?

(A) ચલણી નાણું

(B) સુવર્ણ મુદ્રા

(C) બચાવેલું ધન

(D) વિદ્યારૂપી ધન

15) 'રિલિજિયન' શબ્દનો અર્થ શું થાય છે ?

(A) ધારણ કરવું

(B) ટકાવી રાખવું

(C) ફરી બાંધવું

(D) અનુકૂળ થવું

16) "નિરંતર પ્રાર્થના કરતા રહો" આ આજ્ઞા કયા ધર્મગ્રંથમાં છે ?

(A) બાઇબલ

(B) માનવ ધર્મ

(C) કુરાન

(D) આપણો ધર્મ

17) જગતમાં વિદ્યમાન ધર્મોમાં અર્વાચીન ધર્મ કયો છે ?

(A) હિન્દુ ધર્મ

(B) તાઓ ધર્મ

(C) ઇસ્લામ ધર્મ

(D) શીખ ધર્મ

18) "ન્યાય ભાવના" એ કયા ધર્મનો નૈતિક સિદ્ધાંત છે ?

(A) યહૂદી ધર્મ

(B) શીખ ધર્મ

(C) ઇસ્લામ ધર્મ

(D) જૈન ધર્મ

19) પાંચ યમોમાં મુખ્ય યમ કોને માનવામાં આવે છે ?

(A) સત્ય

(B) બ્રહ્મચર્ય

(C) અપરિગ્રહ

(D) અહિંસા

20) અષ્ટાંગ યોગમાં બહિરંગો કેટલા છે ?

(A) એક

(B) ત્રણ

(C) ચાર

(D) પાંચ



https://www.gujaratboardonline.com

## વિભાગ - B

■ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ લખો. દરેકનો 1 ગુણ છે. [10]

21) જેને સ્થાને કોઈપણ વિધાન મૂકી શકાય એવા પ્રતીકને શું કહે છે ?

22) દલીલનું મૂલ્યાંકન કઈ ભાષામાં થઈ શકે છે ?

23) સોપાધિક સંવિધાનના લગતા નિયમને સંક્ષેપમાં શું કહે છે ?

24) સંવિધાનમાં ફલિત વિધાનના વિધેય પદને શું કહેવાય છે ?

25) કયા નિયમને આધારે કહી શકાય "હંમેશા ગરમીથી પદાર્થ ફૂલે છે." ?

26) પંચાવયવી અનુમાનનો પાંચમો અવયવ કયો છે ?

27) કેન્ટ કયા મૂલ્યને અગ્રતા આપે છે ?

28) "સ્નેહ" નું બીજું નામ શું છે ?

29) ત્રિપિટક કયા ધર્મનો ધર્મગ્રંથ છે ?

30) ભારતે વિશ્વને આપેલું અમૂલ્ય નજરાણું શું છે ?

## વિભાગ - C

■ નીચેના 31 થી 44 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે. [20]

31) 'V' નું સત્યતાકોષ્ટક રચો.
નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો. - નોંધ (માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)
સમુચ્ચયનું લક્ષણ લખો.

32) (સૂર્ય ગરમ છે અને ચંદ્ર શીતળ છે) આ સંયુક્ત વિધાનની પ્રાતીક રજૂઆત કરી તેનો પ્રકાર જણાવો.

33) નીચેની દલીલ પ્રમાણભૂત બને એ રીતે ખાલી જગ્યા પૂરો અને એ દલીલ માટેના જે પ્રમાણભૂત રૂપનું સ્થાનાપત્તિ નિદર્શન હોય, તે રૂપ લખો.

$J \rightarrow (K \& R)$

__________

$\therefore \sim J$



https://www.gujaratboardonline.com

34) Simp.ના નિયમનું કથન અને રૂપ લખો.

35) સંવિધાનની આકૃતિઓ કેટલી છે ? તેના નામ લખો.

36) નીચેના સંવિધાનની આકૃતિ અને ભેદ જણાવો.

સર્વ માંસાહારી પ્રાણીઓ હિંસક છે.

કેટલાક પશુઓ માંસાહારી પ્રાણીઓ છે.

∴ કેટલાક પશુઓ હિંસક છે.

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.

મધ્યપદ કોને કહેવાય ? - નોંધ (માત્ર દષ્ટિહીન વિદ્યાર્થી માટે)

37) વ્યાપ્તિકરણના તાત્ત્વિક આધારો કેટલા છે ? કયા કયા ?

38) અવિનાભાવ સંબંધનો શબ્દાર્થ સમજાવો.

39) શારીરિક મૂલ્યોના ઉદાહરણો આપો.

40) ઉત્પાદક મૂલ્યનું લક્ષણ અને ઉદાહરણ આપો.

41) મનુષ્યો અને પ્રાણીઓમાં કઇ બાબતોમાં સામ્યતા જોવા મળે છે ?

42) ધાર્મિક જીવનનું હાર્દ શું છે ?

43) આચરવા યોગ્ય સદ્ગુણોના નામ જણાવો. (કોઇપણ ચાર)

44) અંતરંગોમાં કયા ત્રણ અંગોનો સમાવેશ થાય છે ?

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 45 થી 58 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[30]**

45) સત્યતાકોષ્ટકની રીતનો ઉપયોગ કરી નીચેના વિધાન માટેના રૂપનો પ્રકાર નક્કી કરો : https://www.gujaratboardonline.com

$(p \vee q) \rightarrow (p \& q)$ – પરાયત્ત

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.

નોંધ : (માત્ર દષ્ટિહીન વિદ્યાર્થી માટે)

વિધાન માટેનાં સ્વ-વ્યાઘાતી રૂપની સમજૂતી આપો.



https://www.gujaratboardonline.com

46) સત્યતાકોષ્ટકની પ્રત્યક્ષ રીતનો ઉપયોગ કરીને નીચેની દલીલનું પ્રામાણ્ય નક્કી કરો :

A & B

∴ B & A - પ્રમાણભૂત.

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.

નોંધ — (માત્ર દષ્ટિહીન વિદ્યાર્થી માટે)

દલીલ માટેનું રૂપ એટલે શું ? પ્રમાણભૂત દલીલ અને અપ્રમાણભૂત દલીલની લાક્ષણિકતાઓ જણાવો.

47) નીચેની રૂપલક્ષી સાબિતીમાં ખાલી જગ્યા પૂરો :

| | | |
|---|---|---|
| (1) | $A \rightarrow B$ | P |
| (2) | $C \rightarrow D$ | P |
| (3) | $\sim D \& \sim B$ | $P / \therefore (\sim A \& \sim C) \vee P$ |
| (4) | $\sim B$ | ________ |
| (5) | $\sim A$ | ________ |
| (6) | $\sim D$ | ________ |
| (7) | $\sim C$ | ________ |
| (8) | $\sim A \& \sim C$ | ________ |
| (9) | $(\sim A \& \sim C) \vee P$ | ________ |

48) નીચેની દલીલ પ્રમાણભૂત છે. એમ રૂપલક્ષી સાબિતી રચીને સિદ્ધ કરો :

$(P \vee Q) \rightarrow (T \vee S)$

$\sim N \& \sim M$

$N \vee \sim (T \vee S)$

$H \rightarrow (P \vee Q)$

$\therefore \sim H \& \sim M$

49) નીચેના સંવિધાનની આકૃતિ અને ભેદ દર્શાવી તેમના પ્રામાણ્યની તપાસ કરો :

સર્વ મિતભાષી શાંતિપ્રિય છે.

સર્વ મિતાહારી શાંતિપ્રિય છે.

∴ સર્વ મિતાહારી મિતભાષી છે.

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.

નોંધ : (માત્ર દષ્ટિહીન વિદ્યાર્થી માટે)

પક્ષાતિક્રમનો દોષ ઉદાહરણ સહિત સમજાવો.



https://www.gujaratboardonline.com

50) નીચેના સંવિધાનની આકૃતિ અને ભેદ દર્શાવી તેમના પ્રામાણ્યની તપાસ કરો :

કોઇપણ ભારતીય અમેરિકન નથી.

સર્વ ગુજરાતી ભારતીય છે.

∴ કોઇપણ ગુજરાતી અમેરિકન નથી.

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.

નોંધ : (માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)

નિરૂપાધિક સંવિધાન એટલે શું ? નિરૂપાધિક સંવિધાનનું બંધારણ સમજાવો.

51) ટૂંકનોંધ લખો : "સાદી ગણના મૂલક વ્યાપ્તિની મર્યાદા"

52) નીચેના પ્રાતિક રજૂઆતોમાંથી પ્રત્યેક અંગે તે કઈ વ્યાપ્તિ રીતિની છે તે ઓળખાવો.

1. ABC ——— abc

B એ b નું અગાઉથી જાણેલું કારણ

C એ c નું અગાઉથી જાણેલું કારણ

---

∴ a એ A નું પરિણામ

2. ABCD ——— abcd

BCD ——— bcd

---

∴A એ a નું કારણ

3. ભાવાત્મક ઉદાહરણ — અભાવાત્મક ઉદાહરણ

| ભાવાત્મક ઉદાહરણ | અભાવાત્મક ઉદાહરણ |
| --- | --- |
| ABC ——— abc | BC ——— bc |
| ADE ——— ade | DE ——— de |

---

∴ a એ A નું પરિણામ

53) વૈરાગ્ય ધાર્મિક જીવનની અનિવાર્યતા છે. સમજાવો.

54) ધર્મહીન માણસો પશુઓ જેવા જ છે. તમારો મંતવ્ય જણાવો.

55) હિન્દુ, જૈન અને ખ્રિસ્તી ધર્મના ધર્મગ્રંથો (શાસ્ત્રો) ના નામ લખો.



https://www.gujaratboardonline.com

56) બૌદ્ધ, ખ્રિસ્તી અને શિન્તો ધર્મના નૈતિક સિદ્ધાંતો લખો.

57) પાંચ યમની સંક્ષેપમાં સમજૂતી આપો.

58) આસન એટલે શું ? યોગાસનોના ફાયદા વર્ણવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 59 થી 64 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. દરેકના 5 ગુણ છે.** [20]

59) '→' નું તાર્કિક સ્વરૂપ સત્યતાકોષ્ટકની મદદથી સ્પષ્ટ કરો અને શરતી વિધાનનું લક્ષણ જણાવો.
નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.
નોંધ : (માત્ર દષ્ટિહીન વિદ્યાર્થી માટે)
વિધાન માટેના પરાયત્ત રૂપની સમજૂતી આપો.

60) સત્યતાકોષ્ટકની મદદથી '∨' નું લક્ષણ અને તેના તાર્કિક સ્વરૂપની સમજૂતી આપો અને વિકલ્પનું લક્ષણ લખો.
નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.
નોંધ : (માત્ર દષ્ટિહીન વિદ્યાર્થી માટે)
વિધાનપરક અચલ અને વિધાનપરક પરિવર્તી વચ્ચેનો તફાવત જણાવો.

61) નીચેની દલીલની પ્રાતિક રજૂઆત કરો અને સત્યતાકોષ્ટકની પ્રત્યક્ષ રીતનો ઉપયોગ કરી તેનું પ્રામાણ્ય નક્કી કરો :

કાં તો સત્યની જીત થાય છે અથવા સત્યનો પરાજય થાય છે.
સત્યનો પરાજય થતો નથી
તેથી સત્યની જીત થાય છે.

નીચે આપેલાં પ્રશ્નનો જવાબ આપો.
નોંધ : (માત્ર દષ્ટિહીન વિદ્યાર્થી માટે)
દલીલના રૂપનું સ્થાનાપત્તિ નિદર્શન સમજાવો.

62) અનુમાનના પ્રકારો ઉદાહરણ આપી સમજાવો.

63) જગતમાં વિદ્યમાન ધર્મો અને તેમના સ્થાપકોના નામ લખો.

64) "સર્વધર્મ સમભાવ" વિશે સમજૂતી આપો.

◆◆◆



https://www.gujaratboardonline.com